ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિ. ના પટાવાળા / ચોકીદાર સંવર્ગના કર્મચારીઓને છઠ્ઠું પગાર પંચ મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : ગવન/૧૦/૨૦૧૦/૩૦૬/ખ-૨
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૯-૧૦-૨૦૧૬

વંચાણે લીધા :

૧. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૯-૧૧-૨૦૦૧ નો ઠરાવ ક્રમાંક : ગવન/૧૦૯૮/૪૫૪/ખ-૨
૨. નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : પગર/૧૦૯૯/૧૫.૫.એ (અ), તા.૨૭-૨-૨૦૦૯
૩. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા. ૬-૨-૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક : ગવન/૧૦/૨૦૦૯/૧૦૯૪/ખ-૨
૪. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિ. ના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવા અંગેનો તા. ૮-૨-૨૦૧૬ નો સુધારા ઠરાવ ક્રમાંક : ગવન/૧૦/૨૦૦૯/૧૦૯૪/ખ-૨
૫. ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિ. ના પત્ર ક્રમાંક : આરડીસી/ઈએસટી/પગાર સુધારણા/ છઠ્ઠું પગાર પંચ/૧૨૨૫/૫૦૮/૨૦૧૬ તા. ૩૦-૬-૨૦૧૬ ની દરખાસ્ત.
૬. ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિ. ના તા.૨૦-૧૦-૨૦૧૬ ના પત્ર ક્રમાંક : આરડીસી/ઈએસટી/પગાર સુધારણા/ છઠ્ઠું પગાર પંચ/૮૨૬/૨૦૧૬.

ઠ રા વ :

ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિ. ના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આમુખ (૩) અને (૪) ના ઠરાવથી આપવાનું ઠરાવવામાં આવેલ છે. સદરહુ ઠરાવોમાં અમુક સંવર્ગના કર્મચારીઓ છઠ્ઠા પગાર પંચના લાભથી વંચિત રહી જવા પામેલ હતાં જે અન્વયે ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિ.ના પટાવાળા / ચોકીદાર સંવર્ગના કર્મચારીઓન છઠ્ઠા પગાર પંચનો લાભ મંજૂર કરવા અંગે વંચાણે લીધા : (૫) થી મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ, ગાંધીનગર ધ્વારા વિગતવાર દરખાસ્ત કરવામાં આવેલ.

પુખ્ત વિચારણાના અંતે ગુજરાત સરકાર ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિ. માં ફરજો બજાવતાં અને જેઓને રાજ્ય સરકાર દ્વારા પાંચમા પગાર પંચનો લાભ આપવામાં આવેલ છે તેવા નીચે દર્શાવેલ સંવર્ગના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ સ્કેલ ટુ સ્કેલના ધોરણે આપવા ઠરાવે છે.

| ક્રમ | સંવર્ગ | મૂળ પગાર ધોરણ | હાલનું પગાર ધોરણ ( ઉચ્ચત્તર પગાર ધોરણ | પે બેન્ડ કોડ | પે બેન્ડ | ગ્રેડ પે |
|---|---|---|---|---|---|---|
| ૧ | પટાવાળા / ચોકીદાર | ૨૫૫૦—૩૨૦૦ | ૨૬૧૦—૩૫૪૦ | IS | ૪૪૪૦—૭૪૪૦ | ૧૪૦૦ |
| | | | ૨૬૫૦—૩૫૪૦ | IS | ૪૪૪૦—૭૪૪૦ | ૧૬૫૦ |

આમ ઉપરોક્ત વિગતે ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમલિમિટેડના પટાવાળા / ચોકીદાર સંવર્ગના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ વિભાગના તા.૬—૨—૨૦૧૬ તથા તા.૮—૨—૨૦૧૬ ના ઠરાવમાં દર્શાવેલ જોગવાઈઓને આધીન સ્કેલ ટુ સ્કેલતા.૧—૧—૨૦૦૯ થી મંજૂર કરવામાં આવે છે. તદઉપરાંત નિગમના કર્મચારીઓના પગાર બાંધણી અંગેની ચકાસણી નિગમ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ આંતરિક ઓડીટર દ્વારા કરાવવાની રહેશે. વિભાગના તા.૬—૦૨—૨૦૧૬ તા.૮—૦૨—૨૦૧૬ ના ઠરાવોને પણ આ બાબત લાગુ પડશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. ૩—૧૦—૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(યુ.યુ.પઠાણ)
ઉપસચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,
(૧) માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૨) માન. રાજય કક્ષાના મંત્રીશ્રી (પંચાયત) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૩) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૪) કમિશ્નરશ્રી (ગ્રામ વિકાસ), કમિશ્નરશ્રી ગ્રામ વિકાસની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૫) કમિશ્નરશ્રી, જાહેર સાહસો, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૬) મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ લિ. ગાંધીનગર.
(૭) નાયબ નિયામકશ્રી, ઈ.ડી.પી. સેલ, નિયામકશ્રી હિસાબી અને તિજોરીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૮) સિસ્ટમ મેનેજરશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ. ઠરાવ વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવા સારુ.
(૯) સિલેકટ ફાઈલ.
(૧૦) શાખા સિલેકટ ફાઈલ.